## કૈલાસ માનસરોવરના યાત્રિકોનો ઉજીએ શુભેચ્છા સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

કૈલાશ માનસરોવર સેવા સમિતિ, ગાંધીનગર દ્વારા આ વર્ષે કૈલાશ માનસરોવરની યાત્રાએ જનાર ગાંધીનગરના યાત્રાળુઓને શુભેચ્છા અને માર્ગદર્શન આપવા માટેનો શુભેચ્છા સહ સ્નેહ મિલનનો કાર્યક્રમ તા. ૩જી જૂન-૨૦૧૨ને રવિવારે સાંજે ૫ કલાકે વૈજનાથ મહાદેવ મંદિર, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે યોજાશે.

શુભેચ્છા સહ-સ્નેહ મિલન સમારોહમાં સૌ પ્રથમ યાત્રિકોનો મેડીકલ ચેક અપ સાંજે ૩ થી ૫ કલાક દરમિયાન યોજાશે. ૫ થી ૫.૧૫ દરમિયાન દીપ પ્રાગટ્ય અને મંગલગાન થશે. ૫.૧૫ થી ૫.૩૦ દરમિયાન સ્નેહીજનોનો પરિચય અને સ્વાગત થશે ત્યારબાદ પ્રાસંગિક પ્રવચન, આશીર્વચન, શુભેચ્છા પ્રતીક અર્પણ વિધિ અને યાત્રાની વિસ્તૃત માહિતી આપી યાત્રિઓની સાથે પ્રશ્નોત્તરી થશે. કૈલાશ માનસરોવરની યાત્રાએ જનાર ગાંધીનગરના યાત્રાળુઓને સમયસર હાજર રહેવા કૈલાશ માનસરોવર સેવા સમિતિએ ખાસ જણાવ્યું છે.

# શહેરના જાહેરના સ્થળોએ બાંકડા મૂકવાનું અભિયાન શરૂ

### સરકારી દવાખાના, શાળાઓ અને સ્વર્ણિમ પાર્ક સહિતના વિસ્તારને પણ આવરી લેવાશે

ગાંધીનગર, તા. ૨૯

શહેરમાં સેન્ટ્રલ વિસ્ટા સહિતના અન્ય જાહેર સ્થળોએ બાંકડા મુકવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યુંછે. પાટનગર યોજના વિભાગ દ્વારા અંદાજિત રૂ. ૧૦ લાખના ખર્ચે ૫૦૦ જેટલા બાંકડા મુકવાનું આયોજન કરાયું છે. આ પૈકી ૧૫૦ બાંકડા ગોઠવી દેવાયા છે.

નગરના જાહેર સ્થળો સહિત દવાખાના અને સરકારી શાળાઓ આસપાસના વિસ્તારમાં આમ નાગરિકોને બેઠક વ્યવસ્થા ઉપલબ્ધ થાય તેવા આશયથી તંત્ર દ્વારા વિવિધ ઠેકાણે બાંકડા મુકવાની કાર્યયોજના હાથ ધરવામાં આવી છે. સિનિયર સીટીઝન્સ સહિત મહિલાઓને પણ જાહેર સ્થળોએ બે ઘડી બેસવાની વ્યવસ્થા ઉપલબ્ધ થાય તે માટે સેક્ટરોમાં ફૂટપાથ આસપાસ નિયત થયેલા પોઈન્ટ પર બાંકડા ગોઠવવામાં આવી રહ્યા છે.

તંત્ર દ્વારા અંદાજિત રૂ. ૧૦ લાખના ખર્ચે ૫૦૦ જેટલા બાંકડા મુકવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પૈકી અત્યારસુધી ૧૫૦ બાંકડા ગોઠવી દેવાયા છે. જેમાં સેક્ટરોના સરકારી દવાખાનાઓ, શાળાઓ, સ્વર્ણિમ પાર્કના વિસ્તાર સહિત અન્ય જાહેર સ્થળો પણ આવરી લેવામાં આવ્યા છે.

## ગણેશપુરા પાસે રોયલબીચ સીટી-ધગોવા આકાર લેશે

ગાંધીનગર, તા. ૨૯

રઘુલીલા ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લિ. દ્વારા અમદાવાદ થી ૪૫ કિ.મી. દુર ધોળકા તાલુકામાં ગણેશપુરા પાસે રોયલબીચ સીટી-ધગોવાનું નિર્માણ થઈ રહ્યું છે. રોયલ બીચ સીટી-ધગોવામાં જાણીતા ફિલ્મ કલાકાર વિવેક ઓબેરોય પણ ભાગીદાર છે. ગોવા જેવી નગરીમાં સુંદર જીવન માણી શકાય તેવા થીમ પ્લોટને પણ ખરીદી શકાય છે.

અમદાવાદના મહેમાન બનેલા કલાકાર વિવેક ઓબેરોયે જણાવ્યું હતું કે, મને ગુજરાત અને ગુજરાતીઓ સાથે વિશેષ લગાવ છે. તેથી મુંબઈવાસી હોવા છતાં કંઈક નવું કરવાની મારી ઈચ્છાને હું ગુજરાતમાં શરૂ કરી રહ્યો છું. મને ગુજરાતી આહાર ખૂબ જ ગમે છે. જેમાં બાસુદી સૌથી વધુ પ્રિય છે.

વિવેક ઓબેરોયની આ વર્ષે રજૂ થનારી ફિલ્મોમાં જિલ્લા ગાજીયાબાદમાં મસ્તી-૨, મલ્લીકા શેરાવત સાથેની કિસ્મત, વગેરે રજૂ થશે.

રોયલબીચ સીટી- ધ ગોવાથી ૩ કિ.મી.ની અંતરે અમદાવાદ-ધોલેરાનો એક્સપ્રેસ હાઈવે બની રહ્યો છે. આ લીધે રોકાણકારોને આગવું વળતર મળશે.

## આજે શિવકથાના પૂર્ણાહુતિ પ્રસંગે સુંદરકાંડનું આયોજન

ગાંધીનગર જિલ્લાના વાવોલ ગામના ગ્રીનસીટી ખાતે શિવકથાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જ્યોતિર્લિંગ પ્રાગટ્ય, સતિ પ્રાગટ્ય અને શિવવિવાહનો પ્રસંગ ખૂબજ ધામધૂમપૂર્વક ઉજવાયો હતો. જેના પૂર્ણાહુતિ મહોત્સવ પ્રસંગે આજે ૩૦મી મે-૨૦૧૨ને બુધવારે સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે રાત્રે ૮.૩૦ કલાકે ગ્રીનસીટી, નવરાત્રી ચોક, વાવોલ ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે.

## પીંડારડા પાસે વિદેશી દારૂની ૯૦ બોટલો સાથે ટેમ્પો ઝડપાયો

### વાહનચેકીંગ દરમિયાન ટેમ્પો ઉભો ન રહેતા ફિલ્મીઢબે પીછો

### અમદાવાદના બુટલેગરને આપવા જથ્થો લઈ જવાતો હતો

ગાંધીનગર, તા.૨૯

પેથાપુર પોલીસે ગઈકાલે રાત્રિ દરમિયાન પીંડરડા પાસે ટેમ્પોના પીછો કરી ટેમ્પોમાંથી વિદેશી દારૂની ૯૦બોટલો પકડી પાડી હતી. પોલીસે રૂ. ૧.૨૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી એક ઈસમની ધરપકડ કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ગઈકાલે રાત્રે કોમ્બીંગ નાઈટ હોવાથી પેથાપુર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ઓ.એમ. દેસાઈએ તેમના સ્ટાફ સાથે પીંડારડા પાસે વાહન ચેકીંગની કામગીરી હાથ ધરી હતી. આ દરમિયાન સ્થળ પરથી એક ટેમ્પો નીકળતા પોલીસે આ ટેમ્પા નં. જી.જે-૧ એ.વાય.૭૨૭૯ને અટકાવવા હાથ કર્યો હતો. પરંતુ ચાલકે ટેમ્પો ઉભો ન રાખતા પોલીસે ફિલ્મી ઢબે તેનો પીછો કર્યો હતો. આખરે ટેમ્પો ઉભો રખાવી પોલીસે તપાસ હાથ ધરતા ટેમ્પોની છતના ઉપરના ભાગે ચોર ખાનામાંથી વિદેશી દારૂની ૯૦ બોટલો મળી આવી હતી. પોલીસે ટેમ્પોના ચાલક ગણપત કુબેર ચુડાવતની ધરપકડ કરી વધુ પૂછતાછ હાથ ધરી હતી જયારે પુછતાછ દરમિયાન વિદેશી દારૂનો આ જથ્થો વિજાપુર પાસેના લાડોલ ગામમાંથી લાવવામાં આવ્યો હોવાનું ધ્યાને આવ્યું હતું. જયારે વિદેશી દારૂની આ બોટલો અમદાવાદ-સિવિલ હોસ્પિટલ પાસેના વિસ્તારમાં બુટલેગર બાદશાહને આપવાની હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે. પેથાપુર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ઓ.એમ. દેસાઈએ રૂ. ૧.૨૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ચોમાસુ આવે તે પહેલા સેક્ટરોના ઈન્ટર રોડ સુધારો...!

ગાંધીનગર, તા. ૨૯

રાજધાની વસાહત મંડળના પ્રમુખ રજુજી ગોલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગરમાં છેલ્લા ચાર-પાંચ મહિનાથી ડામરના રોડનું કામ ખૂબ ધીમી ગતિએ ચાલે છે અને મુખ્ય રોડ પણ ઘણા અધુરા છે. સાથે-સાથે જૂના સેક્ટરોમાં ઈન્ટર રોડ બધા જ સરખા કરવાના બાકી છે. ચોમાસુ નજીક આવે છે તો તે પહેલા આ રોડનું કામકાજ ઝડપી બનાવીને તંત્ર સેક્ટરોમાં યોગ્ય કામગીરી બજાવે તેવુ સ્થાનિકજનો ઈચ્છી રહ્યા છે.

જૂના સેક્ટરોમાં ઈન્ટર રોડનું કામકાજ બાકી છે. જો રોડનું સમારકામ થશે નહીં તો ચોમાસામાં રોડની હાલત વધુ કથળશે. ચોમાસાના સમયમાં ડામરનું કામ બંધ થઈ જશે તો તાત્કાલિક ડામરના રોડનું કામ જલદી કરાવવું જેથી ચોમાસુ આવે તે પહેલા રોડનું કામ પુરૂ થઈ શકે ! હાલમાં રોડનું કામ ચાલી રહ્યું છે તેમાં ડામર ઓછો નાખવાના કારણે એક જ ચોમાસામાં રોડ તૂટી જાય છે તો રોડ ઉપર વધુ માલસામાન નાખી રોડ સારા બનાવવા જેથી ત્રણ-ચાર વર્ષ ચાલે. મેઈન રોડ અને સેક્ટરના ઈન્ટર રોડ ચોમાસુ આવે તે પહેલા ઝડપી બનાવી પુરા કરવા સેક્ટરવાસીઓએ જણાવ્યું છે.

## ગુજરાત વિકાસ લોન ૨૦૧૨ની ચુકવણી ૨૮મી જૂનથી થશે

ગુજરાત સરકારે ૨૦મી જૂન ૨૦૦૨માં બહાર પાડેલા ગુજરાત રાજય વિકાસ લોન ૨૦૧૨ની ચુકવણી તા. ૨૮મી જૂન ૨૦૧૨ના રોજ કરવામાં આવશે. બેંકના ખાતામાં સીધી જમા કરાવી શકાશે. સરકારી તિજોરીનું કામ કરતી સ્ટેંટ બેંક ઓફ ઈન્ડિયામાં જામીનગીરી રજૂ કરવા રહેશે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ડ્રાફટ કાઢીને ચુકવણી કરશે.

## ગાંધીનગર જિલ્લા ચેસ એસોસિએશન ઓપન જિલ્લા ચેસ ટુર્નામેન્ટ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા ચેસ એસોસિએશનના પ્રમુખ એન.જે. સાતુનિયાએ એક અખબારી યાદીમાં જણાવ્યુંછે કે ચેસ એસોસિએશન દ્વારા ગાંધીનગર જિલ્લા પંચાયતની પૂંધરા મત વિસ્તારના સદસ્ય અને જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન ગાભુસિંહ સોમસિંહ રાઠોડની સ્પોન્સરશીપ હેઠળ ૧૫ વર્ષથી નીચેની વયમર્યાદા ધરાવતા જુદી જુદી બે કેટેગરીના બાળકો માટે ગાંધીનગર જિલ્લા ઓપન ચેસ ટુર્નામેન્ટ ૯મી જૂન અને ૧૦મી જૂન-૨૦૧૨ દરમિયાન યોજાશે.

ગાંધીનગરની જૂના સચિવાલય કેન્ટીન ખાતે ૧૫ વર્ષથી નીચે જુદી જુદી બે કેટેગરીમાં ગાંધીનગર જિલ્લા ઓપન ચેસ ટુર્નામેન્ટ તા. ૯મી જૂન-૨૦૧૨ના રોજ અને ૧૦મી જૂન-૨૦૧૨ના રોજ સવારે ૮ થી સાંજે ૬ કલાક દરમિયાન યોજાશે. રસ ધરાવતા ખેલાડીઓએ પ્રવેશ મેળવવા માટે નિયત પ્રવેશ ફોર્મ www.gjca2010.wordpress.com ઉપરથી ડાઉન લોડ કરી તા. ૮મી જૂન-૨૦૧૨ સુધીમાં રજીસ્ટર્ડ કરાવી લેવા. આ અંગેની વધુ વિગતો માટે એન.જે. સાતુનિયા, બ્લોક નં. ૧૭૧/૨, ચ-ટાઈપ, સેક્ટર-૧૭, ગાંધીનગરનો, મો. નં. ૯૮૭૯૮ ૧૫૨૦૪૫ પર સંપર્ક સાધવો.

## ગાંધીનગર ખાતે લઘુમતી મોરચાની મહત્વની બેઠક

ગાંધીનગર, તા. ૨૯

ભાજપાના લઘુમતી મોરચાની એક મહત્વની બેઠક તા. ૩૦ મે ના રોજ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે બપોરે ૨.૦૦ કલાકે મળશે. આ બેઠકમાં ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પરશોત્તમભાઈ રૂપાલા, પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુ, ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તેમજ ભાજપાના પ્રવક્તા સાંસદ શ્રી મુક્તાર અબ્બાસ નકવી સહિત પ્રદેશના આગેવાનો ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

ભાજપાના લઘુમતી સમાજના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, બોર્ડ-નિગમના સભ્યો તેમજ અધ્યક્ષ, ઉપાધ્યક્ષશ્રીઓ અને લઘુમતી સમાજના આગેવાનો આ બેઠકમાં ઉપસ્થિત રહેશે.

ગુજરાત વિધાનસભાની ૨૦૧૨માં આવી રહેલી વિધાનસભાની ચૂંટણીમાં 'ભાગલા પાડો, રાજ કરો'ની કોંગ્રેસની રાજનીતિને ભાજપાના રાષ્ટ્રવાદના નારા સાથે લઘુમતી સમાજમાં અસરકારતાથી લઈ જવાના કાર્યક્રમોની રણનીતિ ઘડવામાં આવશે. કોંગ્રેસની મતબેંકલક્ષી તૃષ્ટિકરણની રાજનીતિનો મુકાબલો કરવા માટેના અને 'સૌનો સાથ, સૌનો વિકાસ'ની મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારની કાર્યપદ્ધતિને લઘુમતી સમાજમાં લઈ જવા સમયદાન, સક્રિયતા અને સંપર્કની ત્રિસૂત્રી કાર્યયોજના માટેના કાર્યક્રમો નક્કી કરાશે.

## માણસા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા ખેડૂત શિબિર યોજાઇ

ગાંધીનગર, તા. ૨૯

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ. માણસા દ્વારા તાલુકાના ખેડૂતોમાં કૃષિ અંગે લોકજાગૃતિ કેળવાય તેવા ઉમદા આશયથી આજરોજ ખેડૂત શિબિરનું આયોજન માર્કેટયાર્ડ ખાતે કરવામાં આવ્યું હતું. શિક્ષણ રાજય મંત્રી શ્રી જયસિંહ ચૌહાણે આ શિબિરને દીપપ્રાગટ્ય કરીને ખુલ્લી મુકી હતી. આ શિબિરના અધ્યક્ષ સ્થાને સહકાર રાજય મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ અને મુખ્ય મહેમાન પદે કૃષિ રાજય મંત્રી શ્રી કનુભાઈ ભલાળા ઉપસ્થિત રહ્યાં હતા.

આ પ્રસંગે કૃષિ રાજય મંત્રી શ્રી કનુભાઈ ભલાળાએ જણાવ્યું હતું કે, આ સરકારે શાસનની ધૂરાં સંભાળી ત્યારે રાજયમાં એક જ કૃષિ યુનિવર્સિટી હતી. પરંતુ વિકાસશીલ ગુજરાતના સ્વપ્ન દૃષ્ટા મુખ્ય મંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજયમાં ભૌગોલિક વિસ્તાર અનુસાર ચાર કૃષિ યુનિવર્સિટી બનાવવામાં આવી છે. પાણીની બચત થાય અને ઉત્પાદનમાં વધારો થાય તે માટે મંત્રીશ્રી એ ડ્રીપ ઈરીગેશન પધ્ધતિને અપનાવવા ઉપસ્થિત ખેડૂતોને અનુરોધ કર્યો હતો. આ ડ્રીપ ઈરીગેશનથી થતા ફાયદા અને સરકારશ્રીની આ માટેની વિવિધ યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

સહકાર રાજય મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, દેશમાં ૭૦ ટકા જેટલી વસ્તી ગામડામાં વસે છે. ગામડાઓનું જીવન કૃષિ અને પશુપાલન પર આધારિત છે. જેથી જગતના તાતનો વિકાસ થશે તો જ દેશનો સર્વાંગી વિકાસ શક્ય બનશે. આ દિશામાં ગુજરાત રાજયએ કૃષિ મહોત્સવ થકી વર્ષ-૨૦૦૫ થી પગલાં માંડી દીધા હતા. જેના ફળશ્રુતિ રૂપે આજે ગુજરાતનું કૃષિ ઉત્પાદન રૂા. ૯ કરોડથી વધીને રૂા. ૮૭ કરોડે પહોંચી ગયું છે.

આ શિબિરમાં સંશોધન વૈજ્ઞાનિક શ્રી આઈ.એમ.ડોડીયાએ ખેડૂતોને કૃષિ ઉત્પાદન અંગેની અને વૈજ્ઞાનિક ઢબની ખેતીની રસપ્રદ તથા માહિતી સભર વાતો કરી હતી. કલાકારો દ્વારા રાજય સરકારની વિવિધ કૃષિલક્ષી યોજનાઓની જાણકારી સરળ ભાષામાં પોતાની આગવી શૈલીમાં રજૂ કરવામાં આવ્યું હતું. ખેડૂતો માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આયુર્વેદિક તથા હોમિયોપેથીક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીઓનાં હસ્તે આરકેવીવાય યોજના હેઠળ ખેડૂત શ્રી મહેન્દ્રભાઈ પટેલ અને શ્રી નથુભાઈ પટેલને ઓજાર માટેના રૂપિયા ૧૨-૧૨ હજારના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. તેમજ ઈન્દ્રપુરા અને ગુલાબપુરા ગામનાં સરપંચશ્રીઓને તેમના ગામનો ફર્ટિલાઈટ મેપ આપવામાં આવ્યા હતા.

એપીએમસી પૂર્વ ચેરમેન શ્રી બી.કે.પટેલે પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં એપીએમસી માણસાની સેવાકીય પ્રવૃત્તિઓની અને ખેડૂત લક્ષી કાર્યક્રમનો ચિતાર આપ્યો હતો. ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત એપીએમસીના ચેરમેન શ્રી મહેશભાઈ પટેલે કર્યું હતું. આભાર વિધિ એપીએમસીના પૂર્વ ચેરમેન શ્રી વિષ્ણુભાઈ પટેલે કરી હતી.

આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી શંકુલતાબેન પટેલ, માણતા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી જાગૃતિબેન પટેલ, માણસા એપીએમસીના પૂર્વ ચેરમેન શ્રી ગોવિંદભાઈ પટેલ, વાઈસ ચેરમેન શ્રી કનુભાઈ પટેલ, મંત્રી શ્રી રમેશભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.એ. ગાંધી, જિલ્લા ખેતી અધિકારી શ્રી કે.કે. પટેલ, જિલ્લા પશુપાલન અધિકારી શ્રી ડૉ.બી.કે પટેલ, જિલ્લા બાગાયત અધિકારી શ્રી જે.બી. ચૌધરી, પ્રાંત અધિકારી શ્રી એચ.એન.પટેલ, મામલતદાર શ્રી જે.બી. દેસાઈ, તાલુકા વિકાસ અધિકારી શ્રી એમ.કે. પટેલ સહિત ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# વંશ ચલાવવા 'દીકરી'ની જરૂર પડશે જ

વંશ ચલાવવા દીકરો જ કેમ ? વંશ ચલાવવા 'મા'ની જરૂર નહીં પડે ? મા પણ તો દીકરી જ છે ને ? તો પછી એની અવગણના કેમ ?

દીકરાને બધા સાધન-સગવડ અને દીકરીને અભાવ એ ન ચાલે. જે દેશનાં રાષ્ટ્રપતિ મહિલા (દીકરી) હોય તે દેશની દીકરીઓ સન્માનનીય જ હોવી જોઈએ.

દીકરા માટે આગ્રહ રાખતા દંપતિઓને મારે કહેવું છે કે કોને ખબર દીકરો કે વહુ સેવા કરશે કે નહીં, પણ દીકરી એ પાવન જીવ છે જે સાસરે જઈને સાસુ-સસરાનીય સેવા કરશે ને માતા-પિતાનેય પૂરો ન્યાય આપશે.

આ શબ્દો છે સૅક્ટર-૬માં વસતા ડિમ્પલબેન જાદવના, જે એક ઝીલ નામની એક ગરવી કિશોરીનાં માતા છે. ઝીલના પિતા કૌશિકભાઈ જાદવની પણ દીકરી માટેની લાગણી કંઈક આવી જ છે, 'છોકરીઓ જ ઘરનું કામ કરે એવું કેમ ? દીકરો ને દીકરી અહીં પણ એકસમાન રહેવા જોઈએ. જ્યાં દીકરાઓ હોય છે ત્યાં અપેક્ષાઓ વધતી જાયછે અને જ્યારે તે પૂરી ન થાય ત્યારે ઘરડાંઘર વધતાં જાય છે. સંતાન ગમે તે હોય, અપેક્ષા વિના જ તેનો ઉછેર કરવો. હા, ઉછેર કેવો કરવો એ વિશે માતા-પિતાએ ધ્યાન રાખવું જોઈએ. દીકરા ને દીકરી વચ્ચે કોઈ જ ફેર નથી.'

અમદાવાદમાં જન્મેલા અને રૂપાલના વતની કૌશિકભાઈનાં લગ્ન ડિમ્બલબેન સાથે ૧૯૯૨માં થયાં. એમને ઘેર પારણું બંધાયું ૧૯૯૫માં. અલબત્ત, એ પહેલાં જ દંપતિ માત્ર બાળક માટે ઈચ્છુક હતું, દીકરા કે દીકરી માટે નહીં. જે સંતાન આવે તે સહર્ષ સ્વીકારવું એવી લાગણી હતી ને ઝીલ આવી. બંનેએ ખુશખુશાલ થઈને એને સ્વીકારી અને એક દીકરાની પેઠે એનો ઉછેર કર્યો.

**સંબંધ સજાવે જિંદગી**

**દીકરી વ્હાલનો દરિયો**

**- કુંતલ નિમાવત**

gsrelation@yahoo.com



એ જ કારણે ઝીલે ન માત્ર અભ્યાસમાં, પરંતુ ઈતર પ્રવૃત્તિઓમાંય સુંદર દેખાવ કર્યો ને તાજેતરમાં જાહેર થયેલા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનાં પરિણામમાં ૯૦ ટકા માકર્સ મેળવીને તેણે માતા-પિતાનું મસ્તક ઉન્નત કરી દીધું. ભણવાના તેજસ્વી એવી ઝીલ ભરતનાટ્યમ્, ગરબા અને હાર્મોનિયમની પણ નિષ્ણાત છે.

અલબત્ત, પોતાની કારકિર્દી પ્રત્યે તે સભાન છે અને નિશ્ચિત પણ. પૅટ્રોલિયમ ક્ષેત્રમાં ઉચ્ચ અભ્યાસ પ્રાપ્ત કરી આ જ ક્ષેત્રમાં કારકિર્દી ઘડવાની તેની ખેવના છે.

અમારી દીકરી એટલી ખંતીલી છે કે એ ધાર્યું પરિણામ મેળવીને જ રહેશે અને અમારો એને પૂરો ટેકો છે. જેમ દીકરાને પોતાની કારકિર્દી પસંદ કરવાની છૂટ હોય એમ આ પ્રેમાળ દંપતિએ પણ દીકરીએ પસંદ કરેલા ક્ષેત્રને પોતાની પસંદગીની મહોર મારી દીધી છે. માતા-પિતાના આવા સ્નેહાળ વર્તનનો દીકરીય એવો જ સુંદર પડઘો પાડે છે ને છડેચૉક કહે છે, 'મારા મમ્મી-પપ્પા આ દુનિયાના બેસ્ટ મમ્મી-પપ્પા છે.'

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૫

સૂર્યાસ્ત : ૭.૧૯

## તાપમાન

મહત્તમ : ૪૧.૮ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૨૮ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** એમઆઈબી-૩ (હિન્દી) : ૧૨.૪૫, ૩.૦૦, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :** એમઆઈબી-૩ (હિન્દી) : ૧૦.૧૫
ઈશકઝાદ : ૧૨.૩૦, ૩.૧૫, ૧૦.૧૫
એમઆઈબી-૩ (અંગ્રેજી) : ૬.૦૦
છોટા ભીમ : ૮.૧૫

**સ્ક્રીન-૩ :** ઈશકઝાદ : ૧૦.૦૦, ૭.૦૦
ડિપાર્ટમેન્ટ : ૧.૦૦, ૧૦.૦૦
હાઉસફુલ -૨ : ૪.૦૦

**સ્ક્રીન-૪ :** રક્ષબીજ : ૧૦.૦૦
જન્નત -૨ : ૧૨.૩૦
વીકી ડોનર : ૩.૦૦, ૧૦.૧૫
છોટા ભીમ : ૫.૩૦
એમએલએ :૭.૪૫

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** મેન ઈન બ્લેક (હિન્દી)૩ડી : ૯.૦૦, ૧૧.૧૫, ૩.૧૫, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
છોટા ભીમ : ૧.૩૦

**સ્ક્રીન-૨ :** ઈશકઝાદે : ૧૦.૧૫,૧.૦૦,૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :** યે ખુલા આસમાન : ૧૦.૧૫, ૨.૪૫, ૭.૪૫
વીકી ડોનર : ૧૨.૧૫
વીર હમીરજી- સોમનાથની સંગાથે(ગુજરાતી) : ૪.૪૫
ડિપાર્ટમેન્ટ : ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :** લવ રેસીપી : ૯.૩૦, ૨.૩૦
જન્નત -૨ : ૧૨.૦૦, ૧૦.૩૦
ડિપાર્ટમેન્ટ : ૫.૦૦
વીકી ડોનર : ૮.૦૦

### સૂર્યા, વાવોલ

કહર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વીર હમીરજી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- સુભાષ વર્ડ દ્વારા 'માઈન્ડ પાવર' સેમિનારનું ત્રિ- દિવસીય આયોજન સાંજે ૭.૦૦ કલાકે

## આપની આજ

**- કિશોર ત્રિવેદી**

**મેષ** : કાર્યભાર અને વ્યસ્તતાથી થાક થઈ શકે છે. ગૂંચવણોમાં વધારો થયા નહીં તેનું ધ્યાન રાખવું. બુદ્ધિ અને ધનનો દુરપયોગ ન કરવો. વ્યવસાયિક હાનિ, નુકશાનથી બચવું.

**વૃષભ** : અટવાયેલા કાર્યોનો નિકાલ આવી શકે છે. નિશ્ચિંતતાથી કાર્ય કરવું. પ્રગતિ વર્ધક સમાચાર મળી શકે છે. આરોગ્ય સંબંધી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે.

**મિથુન** : યાત્રા-પ્રવાસ થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય જીવનમાં સુખમાં કમી આવી શકે છે. નવા સંબંધો બની શકે છે.

**કર્ક** : સંતાન તરફથી સુખદ સમાચાર આવી શકે છે. શુભ સંદેશ તમને નવી દિશા બતાવશે. કૌટુંબિક સમસ્યાઓમાં વધારો ન થાય તેની કાળજી રાખવી.

**સિંહ** : સાથી પ્રત્યે નિકટતા અને ભાવુકતા રાખવી હિતાવહ છે. સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થઈ શકે છે. નોકરી વ્યવસાયમાં લાભ મેળવી શકાશે.

**કન્યા** : આર્થિક સ્થિતિમાં બચત અને સારા વિનિયોજનની તક મળી શકે છે. રહેઠાણ સંબંધી સમસ્યાઓ ઉભી થઈ શકે છે. વ્યાપીરમાં નવા અને લાભદાયી કરાર થઈ શકે છે.

**તુલા** : બીજા પર વધુ વિશ્વાસ ન કરવો. વ્યાપાર- વ્યવસાય સારો અને લાભદાયી રહશે. માતા- પિતાનું આરોગ્ય ઠીક રહેશે. નવા સંબંધ લાભદાયી નીવડી શકે છે.

**વૃશ્ચિક** : લક્ષ્યને ધ્યાનમાં રાખીને પ્રયત્ન કરશો તો સફળતા જરૂરથી મળી શકે તેમ છે. શુભ કાર્યોમાં સામેલ થવાથી યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : સુખદ સંદેશાની પ્રાપ્તિથી ઉત્સાહમાં વૃદ્ધિ થઈ શકે છે. ઘણાં દિવસોથી મોકૂફ કામ આજે પૂર્ણ થવાની શકયતાઓ છે. અન આવશ્યક હસ્તક્ષેપ ન કરવો.

**મકર** : નવા સંબંધો બની શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ છે. સંતાનોના પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

**કુંભ** : સફળ યાત્રાનો યોગ છે. વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન રાખવું પડશે. દેવાની ચિંતા ઓછી થઈ શકે છે. પરસ્પર સંબંધોને મહત્વ આપો.

**મીન** : વ્યવસાયમાં પ્રગતિ થઈ શકે છે. નોકરી- વેપારમાં વિશેષ લાભની આશા પ્રબળ બનતી જણાય. રાજ્ય પક્ષનાં કાર્યોમાં પરિવર્તનનાં યોગ બનશે.

## ચિરવિદાય

- સ્વ. કમળાબા કાળુજી મકવાણા ( ઉ. વ. ૮૦)આદિવાડા, સેકટર-૨૮, ગાંધીનગર
- સ્વ. લક્ષ્મણભાઈ માનસિંઘભાઈ રાણવા (ઉ.વ. ૭૨)પ્લોટ નં. ૯૧૮/૧, સેકટર-૨/સી, ગાંધીનગર
- સ્વ. હરીભાઈ માધવદાસ પટેલ (ઉ.વ. ૭૨ )મુ. પો. મઉન્દરા, તા., જિ. ગાંધીનગર
- સ્વ. કમળાબેન બાબુલાલ શર્મા (ઉ.વ. ૮૦) નાયી વાસ, મુ. પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર
- સ્વ. મીરાબેન કાળીદાસ પરમાર (ઉ.વ. ૭૦) વણકર વાસ મુ. પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર